# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૧૫ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૧/ક્વા-૪/૧૯-૨૦**

અરજદાર: શ્રી દુદાભાઈ વાલજીભાઇ કગથરા ગામ: ખોરસા ગીર

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, હું શ્રી દુદાભાઈ વાલજીભાઇ કગથરા મુ.ખોરાસા ગીર ગામ નો ખેડૂત ખાતેદાર પીજીવીસીએલ ગ્રાહક નં. ૮૦૭૩૭/૦૧૮૭૮/૦ થી વીજ જોડાણ ધરાવું છું.તેઓશ્રી ની સમસ્યા પ્રમાણે કાયમી ધોરણે લો વોલ્ટેજ (ડીમ પાવર) બાબત ની છે. જે છેલ્લા ચાર વર્ષ થી છે. સદર જગ્યા પર થ્રી ફેઝ ટી.સી. પણ મૂકવામાં આવેલું છે. તેમ છતાં પીજીવીસીસેલ ચોરવાડ પેટા વિભાગીય કચેરી ખાતે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈપણ જાત નો સંતોષકારક જવાબ મળેલ નથી. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી દુદાભાઈ વાલજીભાઇ કગથરા મુ.ખોરાસા ગીર ના નામ થી લેખીત માં અરજી કરેલ છે.તેઓશ્રી ખેતીવાડી ૫ એચ.પી. વીજ જોડાણ ધરાવે છે.

૨.૧ સદર અરજદારશ્રી દ્વારા તેમનાં ખેતીવાડી વીજ જોડાણમાં પાવર સપ્લાય (લો વૉલ્ટેજ) ની રજૂઆત નાં આધારે અત્રે નાં ચોરવાડ પેટા વિભાગીય કચેરી કક્ષાએ થી તા.૦૭/૦૨/૨૦૨૦ નાં રોજ સ્થળ પર રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ છે. સદર સ્થળ તપાસ દરમ્યાન ગ્રાહક નાં પ્રતિનિધિશ્રી ચંદુભાઈ દુદાભાઈ કગથરા હાજર રહેલ અને તેમની હાજરી માં સપ્લાય લો વૉલ્ટેજ માપવામાં આવેલ અને તેમના વીજ સ્થાપન માં મોટર ૫ એચ.પી ને બદલે ૭.૫ એચ.પી. ની લાગેલ હોય તો કંપની નાં નિયમાનુસાર લોડ વધારા બાબતે સમજણ આપેલ અને ત્યાર બાદ તા. ૧૦/૦૨/૨૦ નાં રોજ ગ્રાહક દ્વારા લોડ વધારો માંગવામાં આવેલ અને તેનું ભાવપત્રક પણ ભરપાઈ થતાં,તેમના વીજ જોડાણ નાં સ્થળ પર ૧૦ કેવીએ નું ટી.સી. મૂકી વીજ પુરવઠો ચાલુ કરી આપેલ છે. જેથી હાલ અરજદારશ્રી ને પાવર સપ્લાય (લો વૉલ્ટેજ) અન્વયે કોઈ જ ફરિયાદ રહેતી નથી.

૨.૨ પીજીવીસીએલ કંપની ની રજૂઆત મુજબ અરજદારશ્રીની ફરીયાદ અન્વયે સદર અરજદારશ્રી નાં તકરાર વાળા સ્થળ ની તપાસ કરી તેમના લો વૉલ્ટેજ બાબત ની ફરીયાદ નું નિરાકરણ કરી આપેલ છે.આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૧૨.૦૨.૨૦૨૦ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની માંગરોળ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૨.૦૨.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |